સંદેશ, પાના નંબર- ૦૫.
તારીખ :- ૦૨/૦૬/૨૦૨૬.

### IPL ઈફેક્ટ: મેટ્રોમાં સામાન્ય દિવસ કરતાં ૭૭,૯૨૯ મુસાફરો વધુ નોંધાયા

# એક જ દિવસમાં ૧.૯૫ લાખની મુસાફરી રાતના ૨.૪૫ વાગ્યા સુધી મેટ્રો દોડાવાઈ

## મેટ્રો લાઈફલાઈન બની, માસિક મુસાફરો ૧૨ લાખથી વધીને ૪૭ લાખે પહોંચ્યા

। અમદાવાદ ।

અમદાવાદમાં તા.૩૧ મેના રોજ રમાયેલી આઈપીએલની ફાઈનલ મેચ દરમિયાન અમદાવાદ મેટ્રોના ઈતિહાસમાં મુસાફરીનો નવો રેકોર્ડ સર્જાયો છે. મેચને ધ્યાનમાં રાખીને રાત્રે ૧૦:૦૦ વાગ્યે બંધ થતી મેટ્રોને અગાઉ ૧૨:૩૦ કલાક સુધી દોડાવવાની હતી, પરંતુ મુસાફરોનો અભૂતપૂર્વ ધસારો થઈ જતાં મેટ્રોને રાત્રિના ૨:૧૯ વાગ્યા સુધી દોડાવવાની ફરજ પડી હતી. ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેન રાત્રે ૨:૪૫ વાગ્યે રવાના કરવામાં આવી હતી. ૩૧ મેના રોજ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોમાં કુલ ૧,૯૫,૮૬૮ મુસાફરોએ યાત્રા કરી હતી. સામાન્ય દિવસોમાં સરેરાશ ૧,૧૭,૯૩૯ મુસાફરો મુસાફરી કરતા હોય છે, પરંતુ આઈપીએલ ફાઈનલના દિવસે ૭૭,૯૨૯ મુસાફરોનો વધારો નોંધાયો હતો, જે ૬૬% વૃદ્ધિ દર્શાવે છે.આંકડા મુજબ, તા. ૩૧ મેના રોજ ફેઝ-૧ કોરિડોરમાં ૧,૭૭,૧૦૬ અને ફેઝ-૨ કોરિડોરમાં ૧૮,૭૬૨ મુસાફરોએ યાત્રા કરી હતી. આઈપીએલ ફાઈનલ બાદ સ્ટેડિયમમાંથી મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ માટે વધારાની મેટ્રો ટ્રેનો દોડાવી હતી. મોટેરા મેટ્રો સ્ટેશનથી એપીએમસી તરફની છેલ્લી ટ્રેન રાત્રિના ૨:૧૯ વાગ્યે ઉપડી હતી, જ્યારે પૂર્વ-પશ્ચિમ કોરિડોર સાથે કનેક્ટિવિટી જળવાઈ રહે તે માટે ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેન ૨:૪૫ વાગ્યે રવાના કરાઈ હતી. ગાંધીનગર તરફની છેલ્લી ટ્રેન મોટેરાથી ૧૨:૨૪ વાગ્યે ઉપડી હતી. ઉલ્લેખનીય છે કે શરૂઆતના મહિનાઓમાં જ્યાં માસિક મુસાફરોની સંખ્યા ૧૨થી ૧૭ લાખની હતી, ત્યાં હવે દર મહિને ૪૦થી ૪૭ લાખ મુસાફરો મેટ્રોનો ઉપયોગ કરી રહ્યા છે.

### ફાઇનલ મેચ જોવા માટે ૪૦ ચાર્ટર પ્લેનમાં મહેમાનો આવ્યા

IPLની ફાઇનલની અસર અમદાવાદ એરપોર્ટ પર પણ સ્પષ્ટ જોવા મળી હતી. ફાઇનલ મેચને કારણે દેશભરના ક્રિકેટપ્રેમીઓ, કોર્પોરેટ મહેમાનો, ખેલજગત સાથે સંકળાયેલા લોકો અને પ્રવાસીઓ અમદાવાદ પહોંચ્યા હતા. તા. ૩૧ મેના રોજ દિવસ દરમિયાન ૪૦ હજારથી વધુ મુસાફરોની અને ૪૦ ચાર્ટર પ્લેનની અવર-જવર રહેવા પામી હતી. મેચના એક દિવસ પહેલાં અને ફાઇનલ બાદના દિવસે પણ એરપોર્ટ પર વધારાનો ટ્રાફિક જોવા મળ્યો હતો. જે સામાન્ય દિવસો કરતા વધુ હતો. IPL ફાઇનલને કારણે દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, ચેન્નાઈ, હૈદરાબાદ અને કોલકાતા સહિતના મોટા શહેરોમાંથી અમદાવાદ માટેની ફ્લાઇટ્સમાં ઓક્યુપન્સી ઊંચી રહી હતી. એરલાઇન્સ કંપનીઓએ પણ વધતી માંગને ધ્યાનમાં રાખીને પોતાની કામગીરીમાં ખાસ આયોજન કર્યું હતું.